ગાયિકા ધ્વનિ હવે એક્ટ્રેસ તરીકે કહાની શુરૂ કરશે

વાંચો પેજ-4



ગુજરાતમિત્ર

# શો ટાઈમ

ગુરુવાર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪



સ્ટાર દમ

# સ્ટાર બનશે તો 'સિધ્ધાંત' થી

છેલ્લાં ચાર-પાંચ વર્ષથી ફિલ્મજગત સતત એવા પ્રયત્નમાં છે કે નવા અભિનેતા-અભિનેત્રીનો ઉદય થાય અને તે પણ સ્ટાર તરીકે થાય છે. જોકે એમ બની શક્યું નથી. આવા સંજોગોમાં શું સિધ્ધાંત ચતુર્વેદી સ્ટારપદનો દાવેદાર થશે? એનો લુક તો સ્ટારનું નથી પણ હા, પરદા પર તેનો પ્રભાવ જરૂર હોય છે. તે પોતે પોતાનાં લુક્સ અને ફિલ્મ અભિનેતાઓ વચ્ચે પોતાનાં સ્થાન વિશે પણ સભાન છે. તે ભલે મજબૂત ફેમિલી બેકગ્રાઉન્ડમાંથી નહીં આવ્યો હોય પણ પોતાના અભિનયથી ચોક્કસ એક ગ્રાઉન્ડ બનાવ્યું છે. આ કારણે જ તે વધારે આત્મવિશ્વાસ અનુભવે છે. તે કહે છે કે ફિલ્મજગતમાં તમે ચૂપ રહો તે પણ ન ચાલે. પોતાની વાત અને હેસિયતનો પરચો કરાવવો તો પડે. સિધ્ધાંત પોતાના કામમાં વિશ્વાસ અને કમાણી બંને લાવવા માંગે છે. તે મહત્ત્વાકાંક્ષી છે અને એ વાત છુપાવતો ય નથી. સિધ્ધાંતની યુધ્રા ફિલ્મ રજૂ રહી છે અને આ ફિલ્મ ફરહાન અખ્તર અને રિતેશ સિધવાની નિર્મિત છે. ફિલ્મનાં ડાયલોગ પણ ફરહાને લખ્યા છે અને એટલે આ ફિલ્મ કશુંક એવું કરશે જેનાથી ઘણા ચોંકી જાય. આ ફિલ્મથી રાઘવ જુયાલ પણ વિલન તરીકે છાપો પાડી દે એવી ધારણા છે. ઘણા માને છે કે એક નવા એંગ્રી યંગમેનનો ઉદય આ સિધ્ધાંત વડે થશે. સિધ્ધાંત પર ફરહાનને પહેલેથી જ ખૂબ વિશ્વાસ છે. સિધ્ધાંતની પહેલી ફિલ્મ ગલીબોય હતી અને તેનો નિર્માતા પણ ફરહાન હતો અને ફરહાનની જ બહેન ઝોયા અખ્તર દિગ્દર્શક હતી. એ ફિલ્મમાં સિધ્ધાંતને શ્રીકાંત ભોસલેની ભૂમિકા જોરાવર રીતે ભજવેલી. તેની બીજી ફિલ્મ બંટી ઔર બબલી-2ના નિર્માતા આદિત્ય ચોપરા હતા અને તેમાં સિધ્ધાંતે બંટી જૂનિયરની ભૂમિકા ભજવેલી. સિધ્ધાંતની ત્રીજી ફિલ્મ ગહેરાઈયાંનો નિર્માતા કરન જોહર હતો અને શકુન બત્રા દિગ્દર્શક હતો. સિધ્ધાંતે તેમાં દિપીકા પાદુકોણ સાથે મુખ્ય ભૂમિકા ભજવેલી. ચોથી ફિલ્મ કરી ફરહાન અખ્તરની ફોન ભૂત હતી જેમાં તે કેટરીના કૈફ સાથે હતો. ગયા વર્ષ ખો ગયે હમ કહાં આવી હતી જે ઝોયા અખ્તર, ફરહાન અખ્તર નિર્મીત હતી. જોઈ શકો છો કે ફરહાન તેને દરેક ફિલ્મમાં રિપીટ કરવા માંગે છે. હવે યુધ્રામાં પણ મુખ્ય ભૂમિકા સિધ્ધાંતને જ આપી છે અને સાથે માલવિકા છે. સિધ્ધાંતની જ વાત છે તો ઉમેરી લેવું જોઈએ કે ધડકની સિક્વલમાં તૃપ્તિ ડિમરી સાથે હીરો તે જ છે. એ ફિલ્મનો નિર્માતા કરણ જોહર છે. જો આટલા મોટા નિર્માતાઓની ફિલ્મો સતત મળે અને તો પણ સ્ટાર ન બને તો તે સિધ્ધાંતનો જ દોષ ગણાશે. બારવી ફેલ ફિલ્મે વિક્રાંત મેસ્સી માટે ખાસ જગ્યા બનાવી આપી હતી હવે જો તેમાં સિધ્ધાંત ઉમેરાશે તો ફિલ્મજગતની આવતીકાલ વધુ સારી હોય શકે છે. સ્ટાર્સના ઘણા સંતાનો ફેઈલ ગયા છે ચાહે સની દેઓલના બંને દિકરા હોય કે અમિતાભ બચ્ચનનો દોહિત્ર અગત્સ્ય નંદા હોય. સુનીલ શેટ્ટીનો દિકરો અહાન પણ નથી ચાલ્યો. આવા સંજોગોમાં આશા હવે વિક્રાંત મેસ્સી, સિધ્ધાંત ચતુર્વેદી વગેરે પાસે જ છે. ઉત્તર પ્રદેશના બલીયાથી આવેલો આ અભિનેતા અત્યારે પૂરી તાકાત લગાડી રહ્યો છે અને ક્યાંય કમ પડવા નથી માંગતો. માત્ર પાંચ જ ફિલ્મથી તેણે તેનું વજૂદ સાબિત કર્યું છે અને યુધ્રા તેને માટે હવે સ્ટાર બનાવ માટેનું બારણું છે. દેખે ક્યા હોતા હૈ. ●

> **“ સિધ્ધાંતની યુધ્રા ફિલ્મ રજૂ રહી છે અને આ ફિલ્મ ફરહાન અખ્તર અને રિતેશ સિધવાની નિર્મિત છે. ફિલ્મનાં ડાયલોગ પણ ફરહાને લખ્યા છે અને એટલે આ ફિલ્મ કશુંક એવું કરશે જેનાથી ઘણા ચોંકી જાય. આ ફિલ્મથી રાઘવ જુયાલ પણ વિલન તરીકે છાપો પાડી દે એવી ધારણા છે ”**



લાઈમ લાઈટ

# સોનમ કરોડોના ઘરમાં રહેવા જાય તેનાથી આપણે શું?

ઘણી અભિનેત્રીઓ ફકત એ માટે અભિનેત્રી તરીકેની કારકિર્દી અપનાવે છે કે એ બહાને સારો એટલે કે ધનવાન પતિ મળી જાય. શિલ્પા શેટ્ટી, રવિના ટંડનથી માંડી અનુષ્કા શર્મા, સોનમના કિસ્સા એક સરખા છે. તેમાંય અનુષ્કા અને સોનમે તો બહુ જ ઓછી ફિલ્મોમાં કામ કર્યું અને કરોડો કમાતાં પતિની થઈ બેઠી છે. સોનમ કપૂરના સસરાએ હમણાં લંડનમાં 231.47 કરોડની પ્રોપર્ટી ખરીદી છે અને સોનમ તેના પતિ આનંદ આહુજા સાથે હવે તે આઠ માળના ઘરમાં રહેવા જવાની છે. ઘણી અભિનેત્રીઓ ખૂબ અસલામત હોય છે. તેઓ પ્રેમલગ્નથી વધુ ધનલગ્નમાં માનતી હોય છે. પતિ અનૈતિક ધંધા-ઉદ્યોગ કરતા હોય તેનો ય તેમને વાંધો નથી હોતો. ઉદ્યોગપતિ પછી તેમની પસંદ રાજનેતા હોય છે. પરિણીતી ચોપરા આમ આદમી પાર્ટીના રાઘવ ચઢ્ઢાને તો સ્વરા ભાસ્કર સમાજવાદી પક્ષના ફરહાદ અહેમદને તો આયેશા ટાકિયા પણ સમાજદાવાદી પક્ષના અબુ આઝમીના દીકરા ફરહાન આઝમીને પરણી છે. હીરોઈનોને ક્રિકેટરો પણ પર્ફેક્ટ મેચ લાગે છે. શર્મિલા ટાગોર નવાબ પટૌડીને પરણેલી, અમૃતા સીંઘ રવિ શાસ્ત્રીના પ્રેમમાં હતી પણ છેલ્લે નવાબ પટૌડીની પુત્રવધૂ બનેલી. અત્યારે અથિયા શેટ્ટી કે.એલ રાહુલને, હેઝલ કિચ યુવરાજસિંઘ, ગીતા બસરા હરભજનસિંઘને, સાગરિકા ઘાટગે ઝહીર ખાનને પરણેલી છે. નીના ગુપ્તા વગરે લગ્ને વિવિયન રિચાર્ડસથી મા બનેલી, સંગીતા બિજલાની અઝહરને પરણેલી, રીના રોય પાકિસ્તાની ક્રિકેટર મોહસીન ખાનને પરણેલી, નતાશા સ્ટાનકોવિક હાર્દિક પંડ્યાને પરણી છૂટી થઈ ગઈ છે. અનુષ્કા શર્મા વિરાટ કોહલીની પત્ની છે તે સહુ જાણે છે.

ખેર! પૈસા હોય ત્યાં પરણી જવું. હમણાં સોનાક્ષી સિંહા પણ ઝહીર ઈકબાલને પરણી છે જે જુનિયર અભિનેતા છે પણ તેના પિતા મોટા જ્વેલર છે. સોનાક્ષીનું તો સમજીએ કે તેની કારકિર્દી સફળતાથી ચાલતી ન હતી પણ અનુષ્કાની તો ચાલતી હતી અને સોનમ તો હજુ કારકિર્દી બનાવી રહી હતી. ‘સાંવરિયા’ જેવી સંજય લીલા ભણશાલીની ફિલ્મથી તેણે રણબીર સાથે શરૂઆત કરેલી. રણબીર કપૂરની પણ તે પહેલી જ ફિલ્મ હતી. રણબીર આજે ટોપ સ્ટાર છે ને સોનમ જાણે ગાયબ છે. તેણે ‘આઈ હેટ લવ સ્ટોરીઝ’, ‘રાંઝણાં’, ‘ભાગ મિલખા ભાગ’, ‘સંજુ’, ‘પ્રેમ રતન ધન પાયો’ અને ‘નીરજા’થી બતાવી આપ્યું કે હિન્દી ફિલ્મોને તે પ્રદાન કરી શકે છે. તેની ફિલ્મોના વિષયો પણ સારા હતા અને તેની ભૂમિકાઓ પણ લોકોને ગમી હતી. ઘોડો રેસમાં સરસ દોડતો થાય ને લોકો પૈસા લગાવવા માંડે ત્યારે જ જોકી તેને અટકાવી દે તો તે યોગ્ય કહેવાય?

અત્યારે અનુષ્કા પાસે ઝૂલન ગોસ્વામીની એક બાયોગ્રાફિક ફિલ્મ છે જે ત્રણ-ચાર વર્ષથી બન્યા કરે છે પણ બનતી નથી. તો સોનમ પાસે પણ ‘બેટલ ફોર બિટોરા’ ફિલ્મ જ છે અને તે પણ બનશે કે નહીં તે ખબર નથી કારણકે તેના સહકલાકારો કોણ તેની પણ જાહેરાત નથી થઈ. સોનમની ગયા વર્ષે ‘બ્લાઈન્ડ’ ફિલ્મ રિલીઝ થઈ હતી. તેની પહેલાં 2020માં ‘એકે વર્સિસ એકે’માં આવી હતી. હકીકતમાં તે 22 ફિલ્મોમાં કામ કરીને અટકી ગઈ છે. હવે તે 200 કે 500 કરોડના ઘરમાં રહેવા જાય તેનાથી પ્રેક્ષકોને શું? તેની ફિલ્મોની ચર્ચા થવી જોઈએ તેના બદલે ઘરની ચર્ચા થાય છે. પણ એવું જ છે, અત્યારે જેકલીન ફર્નાન્ડિસ એક કહેવાતા ઠગ સુકેશ ચંદ્રશેખર સાથે સંબંધ ધરાવે છે. અભિનેત્રીઓ આટલી અસલામત કેમ કે ધનવાન પુરુષ મળતાં જ ફિલ્મો છોડવા તૈયાર થઈ જાય? ●

# માલવિકા મોહનન શોધે નવું ગગન



ગ્લેમર

અભિનેત્રીઓને ચાન્સ ઘણા કારણથી લાગતા હોય છે. તે કોઈ ફિલ્મી કુટુંબની હોય તો એ જ મોટું કારણ બને પણ તે તો એક જ કારણ થયું. ઘણી વાર નિર્માતા પાસે વધારે પૈસા ન હોય એટલે કોઈ નવી અથવા નિષ્ફળ જતી પણ ટેલન્ટેડ હોય એવું લાગતું હોય તેને શોધે. કોઈ વાર કોઈ નિર્માતા કે તે જે ફિલ્મ બનાવી રહ્યા હોય તેના હીરોને કે દિગ્દર્શકને ગમી હોય તો અભિનેત્રીને તક મળી જાય. આજકાલ રિમેક બહુ બને છે ને તે અન્ય ભાષામાંથી બનતી હોય તો તે ભાષા સિવાયનાં ઘણાં ન કહેવાં જેવાં કારણો પણ છે અને ક્યારેક ખરેખર જ તે અભિનેત્રીમાં ફિલ્મને અપેક્ષિત પાત્રની યોગ્યતા હોય તો પસંદ કરી લેવામાં આવે. ‘યુધ્રા’માં માલવિકા મોહનન છે. તે સાઉથની અભિનેત્રી છે અને ‘યુધ્રા’નાં નિર્માતાની પસંદ તરીકે આવી છે. આ પહેલાં તે ઈરાનના વિશ્વખ્યાત દિગ્દર્શક મજીદ મજીદીની ‘બિયોન્ડ ધ કલાઉડ્સ’માં અભિનય કર્યો હતો. હિન્દી ફિલ્મે તેને આટલા વર્ષ નહીં અપનાવી પણ હવે ફરી ‘યુધ્રા’માં આવી રહી છે. આ ફિલ્મ વિશે ફિલ્મજગતમાં એક છાનો ઈંતેજાર છે. ઘણા ધારે છે કે તેમાં સ્ટારકલાકારો નથી પણ શક્ય છે કે આ ફિલ્મ પછી તેઓ સ્ટારડમમાં આગળ વધે. માલવિકાને પણ એ જ આશા હોય તે સ્વાભાવિક છે. માલવિકા ભલે કુન્નૂરની હોય પણ મુંબઈની વિલ્સન કોલેજમાં જ માસ મિડિયામાં ગ્રેજ્યુએટ થઈ છે. તેના પિતા દિગ્દર્શક અને સિનેમેટોગ્રાફર હોવાથી સિનેમાની સાથે બચપણથી જોડાયેલી છે તે તો આગળ ભણવા માંગતી હતી પણ પિતાએ તેને કામની જાહેરાતમાં લગાડી દીધી અને માલવિકા અભિનય તરફ વળી ગઈ. સાઉથમાં તેને ફિલ્મો મળવા માંડી અને ‘નિર્ણયકમ’ નામની બીજી જ ફિલ્મમાં તેને પ્રશંસા સાથે સફળતા મળી. ત્યાર પછી કન્નડ ફિલ્મમાં પહેલી ફિલ્મના હીરો પૃથ્વી સાથે કામ કર્યું અને તેણે પણ તેની કારકિર્દીને આગળ વધારી. ‘ધ ગ્રેટ ફાધર’માં તે પોલીસ અધિકારી તરીકે આવી અને જોતજોતામાં તેણે પોતાનું એક સ્થાન બનાવી દીધું. માલવિકા સાઉથની બહુ મોટી સ્ટાર એક્ટ્રેસ નથી. પણ ‘પેટ્રા’, ‘માસ્ટર’, ‘મારન’, ‘ક્રિષ્ટી’ અને ‘થનગલાન’માં પણ તે ચર્ચામાં રહી છે. તેની હમણાં જે છેલ્લી ગણાવી તે ફિલ્મમાં વિક્રમ હીરો હતો. ‘મારન’માં તેનો હીરો ધનુષ હતો. ‘માસ્ટર’માં વિજય સેતુપતી હતો. ‘પેટ્ટા’ તો રજનીકાંત, વિજય સેતુપતી, નવાઝુદ્દીન સિદ્દીકી સાથેની ફિલ્મ હતી. માલવિકા બિલકુલ પોતાની રીતે પોતાનો માર્ગ કરી રહી છે. ‘યુધ્રા’માં તે નિખતની ભૂમિકામાં છે. તે ઉપરાંત તેની પાસે પ્રભાસ, સંજયદત્ત સાથેની ‘ધ રાજા સાબ’ અને એસ.જે. સૂર્યા સાથેની ‘સરદાર-2’ છે. તે મોટા સ્ટાર્સ સાથે ફિલ્મો મેળવી રહી છે. તેના પરથી જ નક્કી કરી શકો કે તેનું સ્થાન શું છે. માલવિકા કહે છે કે ‘યુધ્રા’ એક્શન પેક્ડ રોમેન્ટિક ફિલ્મ છે. તે કહે છે કે અભિનેત્રી તરીકે હું વૈવિધ્યભર્યા મારા પાત્રને એક્સ્પ્લોર કરવા ઉત્સાહી છું. આખી ફિલ્મમાં દિગ્દર્શક સહિત સહુ યુવાન છે અને તેની અસર તમે ફિલ્મ જોતાં પણ અનુભવશો. માલવિકા કેવી સફળ રહેશે તે હવે જણાશે પણ તે વધુ હિન્દી ફિલ્મો કરવા તત્પર છે. તે કહે છે કે મારે મન મુંબઈમાં કશું નવું નથી અને હિન્દી બોલવું પણ મારે મન સ્વાભાવિક છે. ‘યુધ્રા’ પોતે જ મારી ટેલેન્ટ વિશે કહેશે. બસ એ ફિલ્મ રજૂ થવા દો. મારી આ હિન્દીમાં બીજી ફિલ્મ છે. પણ લાગે છે કે પહેલી છે. દરેક ફિલ્મે ફ્રેશ દેખાવું જોઈએ. તો જ પ્રેક્ષકો ખુશ રહે. ●